## ખુશ રહેવાની ચાવી : સપના

દરેક માણસનું જીવનમાં કોઈ ને કોઈ સપનું હોય છે. કેટલાકનું બહુ મોટું તો કેટલાકનું નાનું પણ સપનું તો હોય છે. આ દુનિયામાં સપના વગરનો માણસ મળવો મુશ્કેલ છે!

મોટા મોટા સપના તો સૌ જુએ અને એ માટેની મહેનત કરી સફળ પણ થાય આપણે એમની વાત નથી કરવી. એમને



હાલ બાજુએ મૂકો. મારે વાત કરવી છે નાના નાના સપનાની...

કેટલાક સાવ નાના પણ અણમોલ ખુશી આપી જાય એવા સપના જેવા કે, મારા ઘરે ચકલી માળો બાંધે અને એમાં બે બચ્ચા જનમ લે. જે આખો દિવસ "ચી..ચી...ચી..ચી...' કરીને ઘર ભરી દે! મારા કુંડામાં લગાવેલ છોડ ઉપર એકસાથે ઘણી બધી કળીઓ ખીલી ઉઠે. સફેદ, ગુલાબી, પીળા રંગના જથ્થાબંધ ફૂલો! રાત્રે તારા ભરેલા આકાશનો, તો દિવસે આવતા/જતા સૂરજનો ફોટો પાડી લો અને એને સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરો. જુઓ કેટલી લાઈક્સ આવે છે અને જે પણ પરિણામ આવે એનાથી હરખાઓ! ક્યારેક પરિવારની સાથે બસ એમ જ કોઈ કારણ વગર કેક કાપીને ખાઓ કે આઈસ્ક્રીમ પાર્ટી આપો! તમારા ઘરના વડીલને એમને ગમતી વસ્તું ગિફ્ટ કરો! તમારા લાઈફ પાર્ટનરને ચિઠ્ઠી લખો, એમાં 'આઈ લવ યુ' લખો પછી મજા જુઓ...



### લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

આ બધા સપના કંઈ એટલા મોટા તો નથી જ કે જેને પૂરા ના કરી શકાય! બની શકે તમારા સપનાનું લિસ્ટ મેં જણાવ્યું એના કરતાં થોડું અલગ હશે પણ એનાથી ફરક શું પડે છે? એ તમારું સપનું છે અને એને સાચું પડવા શું કરી શકાય એ તમારે વિચારવાનું છે. આ નાની નાની સફળતા તમને ખુશી તો આપશે જ એ સાથે તમારામાં એક વિશ્વાસ જગાડશે. આગળ થોડા મોટા સપના જોવાનો અને એ પુરા કરવા પ્રયત્ન કરવાનો.

ક્યારેક એમ થાય કે મારે હવે જીવનમાં કશું જ નથી જોઈતું. મારે જે જોઈતું હતું એ બધું જ મેં મેળવી લીધું તો જરાક તમારી આસપાસ નજર દોડાવજો. કોઈક ને કોઈ એવું જરૂર મળી આવશે જેને તમારી મદદની જરૂર હોય એના કેટલાક જરૂરી સપના પૂરા કરવા!

ટુંકમાં નાના નાના સપના જુઓ અને એને પૂરા કરી ખુશ રહો, સિમ્પલ!

લોકડાઉનને કારણે સર્જાયેલી સ્થિતીમાં

# જગતના તાતની પડખે ઊભી રહેતી કેન્દ્ર - રાજ્ય સરકાર

## રાજ્યના ૪૦ લાખથી વધુ ખેડૂત ખાતેદારોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના રૂ. ૮૦૦ કરોડ જમા થયા


ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં પોતાના આરોગ્યનું જોખમ વ્હોરીને કોરોના સંદર્ભે ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ માટે સંવેદનાપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અનુસાર, રાજ્ય સરકારના કોઈપણ કર્મચારી જે કોરોના વાયરસ કૉવિડ-૧૯ ની કામગીરી સાથે સંકળાયેલા હોય અને કોરોના અસરગ્રસ્ત થવાથી કૉવિડ-૧૯ ના કારણે તેનું અવસાન થાય તો રાજ્ય સરકાર આવા કર્મચારીના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે. મુખ્યમંત્રીશ્રીના સચિવ અશ્વિનીકુમારે આ કર્મચારી સંવેદનાસભર નિર્ણયની ભૂમિકા આપતાં કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ રાજ્યના પોલીસ કર્મીઓ માટે અને ત્યાર બાદ નગરપાલિકા મહાનગરપાલિકાના સફાઈ અને આરોગ્ય કર્મીઓ, રેવન્યુ મહેસૂલી કર્મચારીઓ તેમજ અન્ન નાગરિક પુરવઠા વિભાગ અને સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનધારકોને કોરોના વાયરસ સંદર્ભની ફરજ સેવા દરમ્યાન kovid 19 થી મૃત્યુના કિસ્સામાં આવી ૨૫ લાખની સહાય આપવાની જાહેરાત કરેલી છે. હવે, તેમણે રાજ્ય સરકારની સેવાના કરાર આધારિત, ફિકસ પગારના કર્મીઓ સહિત કોઈપણ કર્મચારીનું કોરોના વાયરસ સંદર્ભની ફરજ કામગીરી દરમ્યાન કોરોનાની અસરથી મૃત્યુ થાય તો તેમના પરિવારને પણ ૨૫ લાખ રૂપિયાની સહાય આપવાનો ઉદાત ભાવ દર્શાવ્યો છે.

મુખ્યમંત્રીએ વર્તમાન કોરોના અને લોકડાઉનની સ્થિતીમાં રાજ્યના ૪૦ લાખથી વધુ ખેડૂત ખાતેદારોની પડખે ઊભા રહેવાની સંવેદના પણ દર્શાવી છે.

અશ્વિનીકુમારે આ સંદર્ભમાં પ્રચાર માધ્યમોને વિગતો આપતાં કહ્યું કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અન્વયે અત્યાર સુધીમાં આવા ૪૦ લાખથી વધુ ખેડૂત ખાતેદારોના બેન્ક એકાઉન્ટમાં ચાલુ નાણાંકીય વર્ષની સહાયના પ્રથમ હપ્તાની



એડવાન્સ રકમ તરીકે પ્રત્યેક ખેડૂત ખાતેદારને ૨૦૦૦ની સહાય પેટે કુલ રૂ. ૮૦૦ કરોડ જેટલી રકમ કેન્દ્ર સરકારે જમા કરાવી છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના દરેક ખેડૂત ખાતેદારને વર્ષ દરમ્યાન ૩ હપ્તામાં કુલ ૬૦૦૦ રૂપિયાની સહાય ભારત સરકાર આપે છે તેમ તેમણે ઉમેર્યુ હતું. પ્રવર્તમાન કોરોના અને લોકડાઉનની સ્થિતીમાં દેશભરના ૪.૯૧ કરોડ ખેડૂત ખાતેદારોને રાહત આપતા ૨૦૦૦ રૂપિયાના પ્રથમ હપ્તા પેટે કુલ રૂ. ૯૨ હજાર કરોડની સહાય રકમ આપવામાં આવી રહી છે તેની પણ માહિતી મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી. મુખ્યમંત્રીશ્રીના સચિવે રાજ્યમાં લોકડાઉનની સ્થિતીના ચૌદમા દિવસે જીવનજરૂરી ચીજવસ્તુઓના પુરવઠાની ઉપલબ્ધિ અને વિતરણની વિગતો પણ આપી હતી.

તેમણે કહ્યું કે, રાજ્યમાં મંગળવારે ૧૯૮.૮૦ લાખ લીટર દૂધની આવક થઈ છે. આમાં નાના-પશુપાલકો દૂધ ઉત્પાદકો જેઓ કોઈ દૂધ મંડળીના સભ્ય નથી તેમની ૬.૨૫ લાખ લીટર દૂધની આવકનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. મંગળવારે રાજ્યમાં ૪૬.૪૪ લાખ લીટર દૂધનું વિતરણ થયું છે.

શાકભાજી અને ફળફળાદિની આવક અંગેની વિગતોમાં શ્રી અશ્વિનીકુમારે કહ્યું કે, મંગળવારે ૧ લાખ ૧૪ હજાર ૧૬૬ કવીન્ટલ શાકભાજી અને ૨૦૮૦૬ કવીન્ટલ ફળફળાદિનો આવરો થયો છે. આ શાકભાજીમાં ૨૫,૧૫૨ કવીન્ટલ બટાકા, ૧૯,૯૬૮ કવીન્ટલ ડુંગળી, ૧૧,૨૧૫ કવીન્ટલ ટમેટા અને ૫૭,૮૨૯ કવીન્ટલ લીલા શાકભાજીનો સમાવેશ થાય છે.

રાજ્યમાં સફરજનની ૧૧૫૭ કવીન્ટલ, ૧૪૬૬ કવીન્ટલ કેળાંની અને ૧૮૧૮૨ કવીન્ટલ અન્ય ફળોની આવક રહી છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

અશ્વિનીકુમારે કહ્યું કે, વર્તમાન લોકડાઉનની સ્થિતીમાં નિરાધાર, વૃદ્ધ, નિઃસહાય, એકલવાયું જીવન જીવતા અને જરૂરતમંદ વ્યકિતઓને બે ટાઈમ ભોજન મળી રહે તે માટે સેવાભાવી સંગઠનો અને સ્થાનિક સત્તાતંત્રએ મળીને અત્યાર સુધીમાં ૫૭ લાખ ૫૪ હજાર ફૂડ પેકેટસ વિતરણ કર્યુ છે.

## જન્મદિને વધામણી



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ કલબ



કે યુ ચાવડા
પ્રમુખ, જય ભીમ સેવા ટ્રસ્ટ
મો. ૯૪૨૯૬ ૩૩૧૧૩



હિયાંશ
કરશનભાઈ મેસરવાલા



હિત ભૂત

# મણિનગરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૩૯મી પ્રાગટ્ય છઠ્ઠી ઉજવાઈ

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના વિવિધ મંદિરો મુંબઈ, ભૂજ, કડી, બાવળામાં પણ આ પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૭

ભારતમાં દિવસે દિવસે કોરાના મહામારીનો પ્રકોપ વધી રહ્યો છે અને લોકડાઉનને લીધે કેવળ સ્થાનિક સંતોની ઉપસ્થિતિમાં સાદાઈ અને ભક્તિસભર શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય જયંતીની છઠ્ઠીની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી તેમજ નીતિનભાઈ પટેલ તથા આપણાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. તેઓ જે કાંઈ સૂચન કરે તે સ્વીકારી, હિંમત રાખી, આ કોરાના મહામારીનો જલ્દી નાશ થાય તેવી ભગવાન પાસે પ્રાર્થના કરીએ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૩૯મા પ્રાગટ્ય પર્વની છઠ્ઠીની ઉજવણી પરમ ઉલ્લાસભેર શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર સિવાય મુંબઈ, ભૂજ, કડી, બાવળા વગેરે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં સંતો એ



કરી હતી. પ્રાગટ્ય છઠ્ઠી પર્વે પૂજનીય સંતોએ ઉત્સવ કર્યો હતો. અને થાળ ધરાવી, આરતી બાદ મહામંત્રની ધૂન સાથે આ પર્વની ઉજવણીની પૂર્ણાહુતિ કરી હતી.



કોરોના નામની મહામારી સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે સમગ્ર દેશને લોકડાઉન કરેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લામને મદદ કરી રહ્યા છે. ત્યારે મોડાસા શહેરની ધી સર્વોદય સહકારી બેંક લી.ના ચેરમેન ઈકબાલહુસેન જી. ઈપ્રોલીયા હસ્તે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી ગુજરાત રાજ્યના રાહત ફંડમાં ૧-૧ લાખ રૂપિયાનો ચેક જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને સોંપવામાં આવ્યો હતો.

# લોક ડાઉનની પરિસ્થિતિ વચ્ચે ખગોળ રસિકોએ શુક્ર કૃતિકાની યુતિનો નઝારો માણ્યો

## શુક્ર કૃતિકા નક્ષત્રમાં આવતાં અનોખો નઝારો સર્જાયો

ગાંધીનગર, તા. ૭

હાલે સૂર્યાસ્ત બાદ પશ્ચિમ આકાશમાં ખુબજ પ્રકાશિત શુક્ર બધાનું ધ્યાન ખેંચી રહ્યો છે. આટલો ચમકતો પદાર્થ કયો છે? તેવા ટેલિફોનિક પ્રશ્નો પણ સ્ટારગેઝિંગ ઈન્ડિયાને મળ્યા કરે છે તે દરમિયાન ૩ એપ્રિલના રોજ શુક્ર કૃતિકા નક્ષત્રની એકદમ નજીક આવતાં રમણીય દ્રશ્ય સર્જાયું હતું. કૃતિકાને અંગ્રેજીમાં સેવન સિસ્ટર્સ (સાત બહેનો) અને ખગોળની




ભાષામાં પ્લીઅડીસ અથવા એમ-૪૫ ના નામથી ઓળખવામાં આવે છે. આમતો શુક્ર દર વરસે કૃતિકા પાસેથી પસાર થાય છે પરંતુ લગભગ આઠ વર્ષ બાદ તે કૃતિકાના તારક ઝૂમખાં ઉપરથી પસાર થયો હતો જેનો નઝારો કચ્છ ગુજરાતના ખગોળ રસિકોએ મન ભરીને માણ્યો હતો.

સ્ટાર ગેઝિંગ ઈન્ડિયાના નરેન્દ્ર ગોર સાગરે આ અલભ્ય ખગોળીય ઘટના વિશે વધારે માહિતી આપતા જણાવ્યું હતું કે લોક ડાઉનની પરિસ્થિતિમાં લોકો ભલે બહાર ક્યાંય જઈ શકતા ન હોય પરંતુ પોતાના ઘરની અગાશી કે બાલકનીમાંથી તારા અને ગ્રહોની સંગાથે અવકાશી સફરનો આનંદ જરૂર લઈ શકે છે.

વૃષભ રાશિમાં આવેલું કૃતિકા તારક ઝુંડમાં સાત થી આઠ તારાઓ નરી આંખે જોઈ શકાય છે જ્યારે સામાન્ય દુરબીનથી ૩૦ જેટલા તારાઓ ખૂબ નજીક નજીક જોઈ શકાય છે. ૩ એપ્રિલના તારક ઝુંડમાંથી શુક્ર પસાર થયો ત્યારે ગાયોના ઘણ વચ્ચેથી ગોવાળિયો પસાર થતો હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું! ૪૦૦ પ્રકાશ વર્ષ દૂર આવેલું કૃતિકા નક્ષત્ર પૃથ્વીની સૌથી નજીકનું ક્લસ્ટર છે. હવે ધીમે ધીમે તે કૃતિકાથી દૂર થઈ રહ્યો છે છતાં દૂરબીન કે નાના ટેલિસ્કોપથી આ નઝારો હજી થોડા દિવસ જોવા મળશે હવે પછી આવી ઘટના ઈ.સ. ૨૦૨૮મા જોવા મળશે.

આ ઘટનાને સોશિઅલ મીડિયા દ્વારા માહિતીનું પ્રસારણ તથા ફોટોગ્રાફીની કામગીરી નિશાંત ગોર દ્વારા કરવામાં આવી હતી.

# દૂધ હોય કે શાકભાજી, મધુર રાખશે આપને રાજી
# તમે ઘરમા જ રહો....સુરક્ષિત રહો..બસ એટલી છે આજીજી







કોરોનાની કપરી પરિસ્થિતિમાં મધુર ડેરીના કર્મચારીઓએ એક પણ રજા પરિવાર સાથે ભોગવ્યા વિના ગાંધીનગરના નગરજનોને પુરતા પ્રમાણમા દૂધ અને શાકભાજી પુરુ પાડવાનુ અભિયાન આદર્યુ છે. મધુર ડેરીના ચેરમેન તરીકે આવા સમયે ડેરીમા સતત હાજરી આપી ટીમની હિંમત વધારવા પ્રયત્ન કરવાની મારી ફરજ છે. લોકડાઉનમાં આવશ્યક સેવાઓ કેવી રીતે સરળતાથી પુરુ પડી રહે તે માટે સંબધિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી આયોજન કરવામા આવે છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની આ સહકારી સંસ્થા આજે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને સરકારશ્રીનુ મજબુત પાસુ બનીને સહયોગ આપી રહી છે. એક તરફ ગામોમા દૂધ ભરાવતા પશુપાલકો અને પશુઓની ચિંતા અને બીજી બાજુ ગાંધીનગરના રહીશોની માંગ મુજબ શાકભાજી અને દૂધ સમયસર પુરુ પાડવાની કામગીરીમાં મધુર પરિવારને સ્થાનિક પોલિસવડા, સરકારી તંત્રનો પુરુતો સહયોગ મળી રહ્યો છે.

**- ડો. શકરસિંહ રાણા, ચેરમેન, મધુર ડેરી**

"લોકડાઉન સ્થિતિમાં અંદાજે ૪૦૦૦ થી ૫૦૦૦ કિલો શાકભાજી દૈનિક પેક થાય છે. શાકભાજુમાં ભીંડા, રવૈયા, દૂધી, ટામેટા, ચોળી, સુરતી રવૈયા, ફુલાવર, કોબીજ, ખીરાકાંકડી,ભટ્ટા, વાલોર ખેડૂતો પાસેથી ખરીદી કરીએ છીએ. બટેટા, ડુંગળી, મેથી, ઘાણાભાજી, પાલક, ફુદીનો, ગાજર, શક્કરિયા, વટાણા, ગુવાર, લાંબા રીંગણ, આદુ, લીંબુ, મરચાં દેશી, મરચાં વઢવાણી, કેપ્સિકમ, લીલા ચણા, ગિલોડી, લિલી ડુંગળી, લીલું લસણ,આમળા, કરેલા, ગલકા વગેરેને સાફ સફાઈ કરીને પેક કરવામાં આવે છે. દશેલા ખાતે મધુર શાકભાજી પ્રોસેસીંગ સેન્ટર ઉપર પેકીંગ દરમ્યાન આદુ, ગિલોડી પાણીથી ધોવામાં આવે છે. જરૂર લાગે તો બટાકા પણ ક્યારેક ધોવામાં આવે છે. ત્યારબાદ ગ્રેડિંગ ટ્રે ઉપર શાકભાજીનું ગ્રેડિંગ કરી ખરાબ શાકભાજી બહાર કાઢી એનો નાશ કરવામાં આવે છે અને સારા શાકભાજીને જરૂરી પેકીંગ ૧૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ અને ૧ કિલોના પેક બનાવવામાં આવે છે. બટાકા, રીંગણ, આદુ, શક્કરિયા, ગાજર વગેરે પ્લાસ્ટિક નેટમાં પેક થાય છે, ધાણાભાજી, પાલક, ફુદીનો, લિલી ડુંગળી, લીલું લસણ, મેથી વગેરેની નાની પુડીઓ બનાવવામાં આવે છે અને બાકીની શાકભાજી યોગ્ય માત્રા વાળા માઈક્રોન પ્લાસ્ટિકની અલગ અલગ સાઈઝની કોથળીઓમાં પેક કરી સીલ કરી તેની ઉપર ફસાઈ લાઈસન્સ નમ્બર, યુઝ બીફોર તારીખ અને ભાવ સાથે શાકભાજીના નામ વાળા સ્ટીકર લગાડવામાં આવે છે ત્યારબાદ મધુર પાર્લર ઉપર વેચાણ માટે મોકલવામાં આવે છે"

**- ડો. આર.જે. લાલકિયા, વેજીટેબલ પ્રોજેક્ટ ઇન્ચાર્જ, મધુર ડેરી.**

પ્રોજેક્ટની શરૂઆતમાં મધુર શાકભાજીનું વેચાણ મધુર પાર્લર




ઉપરથી કરવામાં આવતુ હતુ પણ ગ્રાહકોની માંગ અને તાજેતરની પરિસ્થિતિ જોતા હાલમાં મધુર પાર્લર સિવાય પણ જરૂરિયાત વાળા વિસ્તારમાં શાકભાજી પહોંચાડવામાં આવે છે. લોકડાઉનના કાયદાને ધ્યાનમાં રાખી હાલ મધુર શાકભાજી મધુર ડેરીના મેઈન ગેટ, ઘ-૫, સેક્ટર-૩, ૪, ૬, ૧૯, ૨૦, ૨૬, ૨૩, જી.ઈ.બી-પેથાપુર, આઈ.આઈ.ટી-પાલજ, અમુલ ફેડ ડેરી-ભાટ, સરગાસણ, સ્વામીનારાયણધામ- રાયસણ, ભાઈજીપુરા, કુડાસણ, સોનીપુર ખાતે શાકભાજી વેચાણ કેંદ્રો ચાલુ કર્યા છે. દશથી વધુ સભ્યોની માર્કેટીંગ ટીમ દ્વારા શાકભાજીનુ વેચાણ થઇ રહ્યુ છે. કોરોનાના કહેર વચ્ચે અમારી ટીમની સુરક્ષા માટે દરેકને માસ્ક, હાથમોજા, સેનીટાઇઝર આપવામાં આવે છે. સાથે સાથે પાર્લર ઉપર ગ્રાહકોની ભીડ ના થાય અને એક એક મીટરનુ અંતર જળવાય તે ખાસ તકેદારી રાખવામાં આવે છે. એટલુ જ નહિ પણ આવનાર ગ્રાહકોને કોરોનાથી બચવા અને સંક્રમણ અટકાવવાના ઉપાયોની જાણકારી પણ આપવામાં આવે છે.

**- યુવરાજસિંહ રાઠોડ, જનરલ મેનેજર, મધુર ડેરી**
**- નિરંજનભાઇ બારોટ, માર્કેટીંગ મેનેજર, મધુર ડેરી.**

ગુજરાત સરકારશ્રીના બાગાયત વિભાગની આર.કે.વી.આઇ યોજના પુરસ્કુત શાકભાજીના પાયલેટ પ્રોજેક્ટ આજે કોરોનાની વિકટ પરિસ્થિતિમા ગાંધીનગર જનતા માટે અશિર્વાદરૂપ બન્યો છે. લોકડાઉન અધિનિયમનની આવશ્યક સેવામા દૂધ અને શાકભાજીની સેવાઓ ચાલુ રાખવી તેવી જોગવાઇ મુજબ અમારી ટીમ સતત પરિશ્રમ કરીને, જોખમ ઉઠાવીને દરરોજ તાજા શાકભાજી અને દૂધ મળી રહે તે માટે કાર્યરત છે. મને આનંદ છે કે અમને સ્થાનિક પોલીસ તંત્ર, જિલ્લા રજિસ્ટ્રાર, સરકારી અધીકારીશ્રીઓ તરફથી ખુબ જ હકારાત્મક પ્રતિભવ મળ્યા છે. અમને ફોન કરીને અલગ અલગ સોસાયટીઓમાં શાકભાજી પહોંચાડવા માટે ભલામણો મળે છે. અમારા ખેડૂતો પાસેથી બધા જ પ્રકારના શાકભાજી મળતા ના હોવાથી ગાંધીનગર માર્કેટ યાર્ડમાંથી શાકભાજી ખરીદીને ગ્રાહકોને પહોંચાડવામા આવે છે. પણ માર્કેટ યાર્ડમાંથી ખરીદેલી શાકભાજીને વધુ સાફ સફાઇ કરીને ગ્રેડીંગ કરવાથી શાકભાજીની ગુણવત્તા ખુબ જ સારી બનાવવાનો અમારો પ્રયત્ન છે.

તાજેતરની કોરોના કટોકટીમા સાવચેતી તરીકે દરરોજ ગ્રેડિંગ રૂમને દિવસમાં બે વખત ફીનાઇલથી સફાઇ કરવામા આવે છે. તમામ મજુરો હેન્ડ ગ્લોવ્ઝ, માસ્ક પહેરીને જા કામ કરે છે. તમામ મજુરો સેનિટાઇઝર અને સાબુથી હાથ ધોવાનુ નિયમિત પાલન કરે છે. આ કટોકટીમાં કોઇ પણ સોસાયટીમા શાકભાજીનો સામુહિક ઓર્ડર હશે તો અમે પહોંચાડીશુ આપ (યુવરાજસિંહ રાઠોડ- ૭૨૬૫૯૭૭૭૭૯, નિરંજન બારોટ- ૯૦૮૧૯૨૨૨૬૭) નંબર પર સંપર્ક કરશો.

**- મનોહરસિંઘ ચૌહાણ, મેનેજિંગ ડીરેક્ટર, મધુર ડેરી**





